EDII

Divyabhaskar (Suppl.: Citybhaskar)

January 16, 2024
Page No.11

NEW-COURSE એકેડેમિક નોલેજ સાથે સોફ્ટ સ્કિલ્સ ડેવલપમેન્ટ પર ફોકસ કરવા પ્રિમિયમ ઇન્સ્ટિટ્યૂટ્સે શોર્ટ ટર્મ કોર્સ ડિઝાઈન કર્યા

# સોફ્ટ સ્કિલ્સ ડેવલપમેન્ટ માટે પ્રિમિયમ ઇન્સ્ટિટ્યૂટ્સ દ્વારા કોર્સ શરૂ કરાયાં

ગાંધીનગરઃ કોઈપણ ક્ષેત્રનું એજ્યુકેશન સ્ટુડન્ટ્સને એકેડેમિક્સ અને થિયોરિટીકલ નોલેજ પૂરું પાડે છે. હાલના ડિજિટલ સમયમાં સોફ્ટ સ્કિલ્સ જરૂરિયાતમાં વધારો થયો છે. આ બાબતને ધ્યાનમાં રાખીને પ્રિમિયમ ઈન્સ્ટિટ્યૂટ્સ જેમ કે IIT, NIFT, GNLU, EDII દ્વારા શોર્ટ ટર્મ કોર્સ અને સર્ટિફિકેટ પ્રોગ્રામની શરૂઆત કરાઈ છે. જે સ્ટુડન્ટ્સને ટેક્નિકલ નોલેજ સાથે લિટરેચર, હિસ્ટ્રી, રિસર્ચ, ઈનોવેશન તેમજ આંત્રપ્રિન્યોરશિપ વિશે પણ માહિતી આપે છે. IITGNમાં MA ઈન સોસાયટી એન્ડ કલ્ચર, IHMમાં ક્રાફ્ટમેનશિપ સર્ટિફિકેટ કોર્સ, DA-IICT માં ઈન્ડસ્ટ્રી સ્ટાન્ડર્ડ પ્રમાણેના સોફ્ટવેર ભણાવવામાં આવશે. આ શોર્ટ ટર્મ કોર્સના અંતે સર્ટિફિકેટ પણ આપવામાં આવે છે જેનો ફાયદો સ્ટુડન્ટ્સને પ્લેસમેન્ટ વખતે મળે છે.

## IITGN ખાતે ઇન્ડિયન સોસાયટી એન્ડ ઇન્ડિયન કલ્ચરને સમજવા MA શરૂ કરાયું

IITGNમાં MA ઈન સોસાયટી એન્ડ કલ્ચરનો કોર્સ શરૂ થશે. આ કોર્સની હેતુ હિસ્ટ્રી, કલ્ચરલ સ્ટડી, લિટરેચર, ટ્રાન્સલેશન સ્ટડી, સોશિયોલોજી, પોલિટિકલ સાયન્સ અને માનવશાસ્ત્ર માં એનાલિટિક સ્ટડી અને થિયોરિટિકલ દ્રષ્ટિકોણ આપવાનો છે. આ કોર્સ દ્વારા સ્ટુડન્ટ્સ ઈન્ડિયન સોસાયટી અને ઈન્ડિયન કલ્ચરને સરળતાથી સમજી શકશે. આ ઉપરાંત એનર્જી પોલિસી અને રેગ્યુલેશનમાં નવા લોન્ચ કરાયેલા ઈ-માસ્ટર પ્રોગ્રામ પણ શરૂ થશે. આ ઈ-માસ્ટર પ્રોગ્રામમાં ડિઝાઈન કરેલા મોડ્યુલો કેસ સ્ટડી દ્વારા વર્કિંગ પ્રોફેશનલના નોલેજને એન્હાન્સ કરાશે. આ પ્રોગ્રામનો ઉદ્દેશ એનર્જી અને પાવર સેક્ટરમાં ઝડપી વિકાસ કરવાનો અને સ્કીલ રેગ્યુલેટરી પ્રોફેશનલનું નિર્માણ કરવાનો છે.



## EDII પોલિસી રિસર્ચ, નોલેજ મેનેજમેન્ટ ઉપરાંત આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ક્ષેત્રે 6 કોર્સ શરૂ કરશે

ભારત સરકારનો ઈન્ડિયન ટેકનિકલ એન્ડ ઈકોનોમિક કોઓપરેશન પ્રોગ્રામ (ITEC) નામનો પ્રોગ્રામ છે. જે EDII સાથે મળીને 6 નવા કોર્સ શરુ કરશે. જેમાં આંત્રપ્રિન્યોરશિપ એજ્યુકેશન, નોલેજ મેનેજમેન્ટ અને પોલિસી રિસર્ચ, ઈનોવેશન અને ઈન્ક્યુબેશન દ્વારા વિકાસશીલ અર્થતંત્રોમાં સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપવું, આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ દ્વારા મહિલાઓનું સશક્તિકરણ અને કો-ઓપરેટિવ સેક્ટરમાં આંત્રપ્રિન્યોરશિપને ડેવલપ કરવું, સહકારી સંસ્થાઓમાં ડિજિટલ કાર્યક્ષમતા લાવવી જેવાં 6 કોર્સ શરૂ કરાશે.

## DA-IICT સ્ટુડન્ટ્સને ઇન્ડસ્ટ્રી સ્ટાન્ડર્ડ પ્રમાણેના સોફ્ટવેર શીખવશે

DA-IICT ના ઈલેક્ટ્રોનિક્સ અને VLSI ડિઝાઈન (EVD)માં ચાર વર્ષીય બી.ટેકની શરૂઆત કરી. જેમાં સ્ટુડન્ટ્સને ઈન્ડસ્ટ્રી સ્ટાન્ડર્ડ પ્રમાણેના સોફ્ટવેર જેમ કે કેડેન્સ, સિનોપ્સિસ, ઓરકેડ, MATLAB, Xilinx, અને હાર્ડવેર બોર્ડનો ઉપયોગ કરવાનું શીખવાડાશે.

## NIFT ખાતે ઇન્ફ્રા ડેવલપ કરાશે જે સ્ટુડન્ટ્સને પ્રોજેક્ટ વર્ક માટે મદદ કરશે

NIFT ના કેમ્પસમાં આ વર્ષે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટના વિવિધ કામો થશે જે સ્ટુડન્ટ્સને પ્રોજેક્ટ વર્કમાં મદદરૂપ થશે. જેમ કે, ડિઝાઈન ગેલેરીનું ડેવલપમેન્ટ, સ્ટુડન્ટ લોન્જ અને લેબોરેટરીનું રિનોવેશન વગેરે કરવામાં આવશે.

## IHM સ્ટુડન્ટ્સને નવી રેસ્ટોરાં માટે કન્સલ્ટેશન આપશે

IHMમાં 6 મહિનાનો ક્રાફ્ટમેનશિપ સર્ટિફિકેટ કોર્સ ઈન ફૂડ એન્ડ બેવરેજ સર્વિસનો શોર્ટ ટર્મ કોર્સ, દોઢ વર્ષનો ડિપ્લોમા ફૂડ પ્રોડક્શનનો કોર્સ, દોઢ વર્ષનો ક્રાફ્ટમેનશિપ સર્ટિફિકેટ કોર્સ ઈન બેકરી એન્ડ પેટીસેરી, હોસ્પિટલિટીનો શોર્ટ ટર્મ કોર્સ અને સ્ટુડન્ટ્સના પર્સનાલિટી ડેવલોપમેન્ટ માટે સોફ્ટવેર પ્રોગ્રામ પણ શરૂ થશે. તે ઉપરાંત ફેકલ્ટી પણ સ્ટુડન્ટ્સને હોટલ અને રેસ્ટોરન્ટ ખોલવા માટે કન્સલ્ટ કરશે. આ વર્ષે મુખ્ય રીતે આંત્રપ્રિન્યોરશિપ, ઈવેન્ટ પ્લાનિંગ એક્ટિવિટીઝ જેવી કે, ફૂડ ફેસ્ટિવલ, થીમ લંચ વગેરે માટે સ્ટુડન્ટ્સને પ્રેક્ટીકલ સ્કિલ શીખવાડાશે.